# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


તા.૨૯/૦૬/૨૦૨૨

નં.એસજીજીયુ/વહીવટ/મધ્યસ્થ પ્રવેશ/એમ.એડ./૨૦૨૨/૬૨૨૭૫

પરિપત્ર- ૨૭૩૫

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે શિક્ષણ વિદ્યાશાખાના એમ.એડ. (માસ્ટર ઓફ એજ્યુકેશન) અભ્યાસક્રમની ઓનલાઈન મધ્યસ્થ પ્રવેશ પ્રક્રિયા અન્વયે તા.૨૪/૦૬/૨૦૨૨ના રોજ પૂર્ણ થયેલ ઓફલાઈન કાઉન્સેલિંગ રાઉન્ડ-૨ બાદ ખાલી રહેતી બેઠકો પર ઓપન રાઉન્ડ દ્વારા પ્રવેશ પ્રક્રિયા અને મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો તા.૧૦/૦૭/૨૦૨૨ સુધીમાં નીચે જણાવેલ નિયમો મુજબ હાથ ધરવામાં આવશે.

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના એમ.એડ. પ્રવેશનો બીજો કાઉન્સેલિંગ રાઉન્ડ તા.૨૪/૦૬/૨૦૨૨ પૂર્ણ થતાં એમ.એડ. કોલેજોમાં ખાલી રહેલ સીટો પર પ્રવેશ માટે નીચે મુજબ આપવા નિણર્ય લેવામાં આવેલ છે.
- ઓપન રાઉન્ડમાં એમ.એડ. પ્રવેશ પ્રક્રિયામાં રજીસ્ટ્રેશન કરેલ વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવાનો રહેશે. રજીસ્ટ્રેશન ફોર્મ ન ભરેલ વિદ્યાર્થીઓને પ્રવેશ માન્ય ગણવામાં આવશે નહિ.
- ઓપન રાઉન્ડમાં માત્ર ખાલી રહેલ બેઠકો પરજ પ્રવેશ આપવાનો રહેશે.
- સરકારશ્રીના પ્રવેશના નિયમો મુજબ દરેક કોલેજોની સ્ટ્રેન્થને ધ્યાને રાખી ૧૦% બેઠકો EWSની ભરવાની હોય છે. જે વિદ્યાર્થીઓ EWS કેટેગરીમાં પ્રવેશ લેવા માંગતા હોય તે વિદ્યાર્થીઓએ EWSનું પ્રમાણપત્ર રજુ કરેથી EWS કેટેગરીમાં પ્રવેશ પાત્ર થશે. વધુમાં માત્ર EWS કેટગરીના વિદ્યાર્થીકે જેઓએ રજીસ્ટ્રેશન ફોર્મ ભરેલ ન હોય તેવા ઉમેદવારે રૂ.૧૦૦૦/- પેનલ્ટી ફી ભરી પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઇ શકશે.
- એમ.એડ.. કોલેજ ચલાવતા મંડળની સરકારશ્રીના પ્રવેશ ધોરણો મુજબ (મેનેજમેન્ટ ક્વોટા) ૧૫% બેઠકો ભરવાના અધિકાર મુજબ પ્રવેશ ફોર્મ ભરી મેરીટના ધોરણે પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. જેની ચકાસણી યુનિવર્સિટી ખાતે કરાવી એપ્રુવલ લેવાની રહેશે.
- એમ.એડ. પ્રવેશ સમિતિ દ્વારા ઉપરોક્ત તમામ મુદ્દા તથા **NCTE**ના તમામ નિયમોને ધ્યાનમાં લઇ પ્રવેશ ફોર્મ આપવાના રહેશે. નિયમ વિરુદ્ધ આપેલ પ્રવેશ રદ્દ કરવામાં આવશે જેની તમામ જવાબદારી કોલેજ/સંસ્થાની રહેશે.
- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન એમ.એડ. કોલેજોએ **NCTE** ના નિયમો મુજબ પ્રવેશ આપવાની જવાબદારી રહશે. અને તમામ માહિતી તા.૧૦/૦૭/૨૦૨૨ સુધીમાં બી.એડ./એમ.એડ. મધ્યસ્થ પ્રવેશ સમિતિને યુનિવર્સિટી ખાતે રજુ કરવાની રહેશે. ત્યારબાદ પ્રવેશ સુનિશ્ચિત કરવામાં આવશે.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા.


Address: Govt. Polytechnic Campus, RTO Road, Gadukpur, Godhra, Panchmahal, Gujarat-389001
Website: www.sggu.ac.in

પ્રતિ,

- યુનિવર્સિટી સંલગ્ન તમામ એમ.એડ. કોલેજોના આચાર્યશ્રીઓ/ટ્રસ્ટીશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કર્યવાહી કરવા સારું.
- એમ.એડ. પ્રવેશ લેવા ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓ તરફ જાણ સારું.

નકલ રવાના-

- એમ.એડ. મધ્યસ્થ પ્રવેશ વર્ષ ૨૦૨૨-૨૩ સમિતિ તરફ